સુખ એ આપણી મર્યાદા (નબળાઇ)નું અને દુઃખ એ આપણી શક્તિનું વજન કરનારું તટસ્થ ત્રાજવું છે
- શ્રીમદ્ - રાજચંદ્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩ | ૨૪ માર્ચ, ૨૦૧૫, મંગળવાર ; ચૈત્ર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગુજકોકનું બિલ ત્રીજીવાર ગૃહમાં રજુ કરાશે

## ૧૯૯૮ અને ૨૦૦૧માં તે રજુ કર્યું હતું : આ વખતે વધુ સુધારાઓ સાથે બિલ રજુ કરવા માટેની કવાયત સંપન્ન

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં સંગઠ્ઠીત અને આતંકી સુનિયોજિત ગુનાખોરીને નાથવા માટે ત્રીજીવાર રાજ્ય સરકાર બિલ આ સત્રમાં રજુ કરશે.

ગુજરાત સરકારે આજે વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં જણાવ્યું હતું કે જે મહત્વના બિલો રજુ કરવા માંગે છે તેમાં ગુજકોકના આ બિલનો સમાવેશ થાય છે.

જો કે આજે વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિની મળેલ બેઠકમાં બે દિવસ લંબાવવામાં આવે તેવી વિપક્ષની માંગણી ફગાવી દઈ અને ૨૬ તથા ૩૧ માર્ચના રોજ બે બેઠકો યોજવાની દરખાસ્ત રજુ થતાં કોંગ્રેસ પક્ષે તેનો વિરોધ કરી બેઠક છોડી દીધી હતી.

ગુજકોકનું બિલ ૧૯૯૫માં ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ ૧૯૯૮માં રજુ કર્યું હતું જે રાજ્યપાલશ્રીએ પરત મોકલ્યુ હતુ. તત્કાલીન ગૃહમંત્રી સ્વ. હરેન પંડ્યાએ રાજ્યમાં વધતી જતી સામુહિક અને સંગઠ્ઠીત ગુનાખોરી નાથવા આ બિલ જરૂરી હોવાનું તે વખતે જણાવ્યું હતું.

આ પછી પુનઃ ૨૦૦૧માં તત્કાલીન ગૃહ રાજ્યમંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફિયાએ આ બિલ પુનઃ રજુ કર્યુ હતુ. તેમણે આ બિલ રજુ કરતાં અન્ય રાજ્યોમાં આવા કાયદા હોવાનું જણાવી કહ્યું હતું કે તે બધાનો અભ્યાસ કર્યા બાદ કેટલાક સુધારા-વધારા સાથે આ બિલ લાવવામાં આવ્યું છે.

આ બિલ પણ પરત આવતાં સરકારે હવે ત્રીજીવાર પુનઃ કેટલાક વધારે સુધારા વધારા સાથે આ વખતે ગૃહમાં રજુ કરવા જઈ રહેલ છે.

હવે કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે તેથી આ બિલને મંજૂરી મળશે તેવો વિશ્વાસ છે.

ગુજરાત સરહદી રાજ્ય છે અને સામુહિક અને સંગઠ્ઠિત ગુનાખોરો સામે સખ્ત હાથે કામ લઈ શકાય તે માટે આ કાયદો જરૂરી છે તેવું સરકારી સાધનોમાંથી જાણવા મળેલ છે. મહારાષ્ટ્રના મકોકા જેવો જ આ કાયદો છે. જેમાં ગુનાખોરીનો રેકર્ડ ધરાવતા વ્યક્તી પર નજર રાખી શકાશે તેમજ તેને અટકમાં લેવાની પણ ક્ષમા આપતી જોગવાઈ છે.

ગુજરાત સરકાર આ વખતે આ કાયદો પસાર કરાવવા મન મક્કમ કરીને બેઠી છે. મળતી વિગતો પ્રમાણે આ સત્રમાં તે આ બિલ રજુ કરશે અને તે પછી રાજ્યપાલશ્રીની મંજૂરી માટે મોકલશે. રાજ્ય સરકારે ૧૨ જેટલા વિધયેકો રજુ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જેમાં ગુજકોડ ઉપરાંત કીડની ઈન્સ્ટીટ્યુટ વિધેયક સહિતના બિલોનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર વિધાનસભાનું સત્ર લંબાવવાના મૂડમાં નથી અને નિયત બેઠકો ઉપરાંત આ દિવસોમાં જ બે બેઠકો વધુ યોજી બિલો પસાર કરાવવાની વ્યુહરચના કરી રહી છે. વિપક્ષે આજે કામકાજ સલાહકાર સમિતિમાં તેનો વિરોધ કર્યો હતો.

વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ આજે ગૃહમાં રજુ થશે જેમાં શું આખરી નિર્ણય થયો તેની સત્તાવાર જાહેરાત થશે. જો કે સરકાર દ્વારા ગુજકોડ સહિતના ૧૨ વિધેયકો રજુ કરવા માટેની પુરી તૈયારી કરી લેવામાં આવી છે.

# અડવાણીની ઉપસ્થિતિમાં ડીઆરડીએની વિજીલન્સ મોનીટરીંગ સેલની બેઠક

## જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનીવિજીલન્સ કમિટીની બેઠકમાંથી બળદેવજી ઠાકોરનો સભાત્યાગ



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં મનરેગાની નબળી કામગીરી અને રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના નિર્માણમાં ગ્રાન્ટ છુટી નહિ કરવાના તંત્રના વલણ સામે કોંગ્રેસના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર આજે વિજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલની બેઠક છોડી નીકળી ગયા હતા.

ભાજપના રાષ્ટ્રીય નેતા અને ગાંધીનગરના સાંસદશ્રી લાલકૃણ અડવાણીના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં શ્રી ઠાકોરે જણાવ્યું હતું કે ૫૪ ટકા જ અમલીકરણ મનરેગામાં થયું છે. જિલ્લામાં માત્ર ૨૩ કુટુંબોને જ ૧૦૦ દિવસની રોજગારી મળી શકી છે જે તંત્રનું ઉદાસીન વલણ દર્શાવે છે અને આ સાંખી શકાય તેવી વાત નથી.

**મનરેગાની નબળી કામગીરી તેમજ રાજીવ ગાંધી કેન્દ્રો માટે નાણાં ફાળવણીની આનાકાની સામે રોષ વ્યકત કરી સભાત્યાગ કર્યો**

તેમણે જણાવ્યું કે રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના નિર્માણમાં મંજૂરી આપી દેવાયા પછી ગ્રાન્ટની ઉપલબ્ધિ નથી તેવા બહાના હેઠળ કામો અટકાવી દેવાયા છે તે અન્યાયકર્તા છે. આ ગ્રામીણ પ્રજાનું અવમાન છે.

આ વિવાદ આગળ વધે તે પૂર્વે કલેક્ટરશ્રીએ મામલો થાળે પાડવાનો પ્રયાસ કરતાં શ્રી ઠાકોર તુરત જ સભાસ્થળ છોડી અને બહાર નીકળી પાછલા દરવાજેથી જતા રહ્યા હતા.

શ્રી અડવાણીના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં ૨૦૧૯ પહેલાં જિલ્લાના દરેક ગામમાં દરેક ઘરમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ બને તે રીતે એક્શન પ્લાન ઘડી કાઢવાના સૂચનનો સ્વીકાર થયો હતો.

શ્રી અડવાણીએ આ અંગે જણાવ્યું હતું કે સ્વચ્છતા અભિયાન એ સરકારની પ્રાથમિકતા છે અને તે માટે અત્યારે જે કામગીરી થઈ છે તે ઘણી ઓછી અને ચિંતાજનક છે.

● અનુસંધાન પાન-૭ પર



ખેડૂત બન્યો બેહાલ - કમોસમી વરસાદના પગલે ઘઉંના ભાવ તળિયે બેસી ગયા... એમાંય પલળેલા ઘઉંના ભાવ રૂ. ૨૫૦થી ઓછા પડતા ખેડૂતો રીતસર રડી પડ્યા હતા. ઉત્તર ગુજરાતના મોડાસા માર્કેટયાર્ડની આ તસવીર ખેડૂતોની વેદનાને વ્યક્ત કરે છે... સોમવારે અગિયાર વાગે માર્કેટયાર્ડમાં ખેડૂતો ટ્રેક્ટરો ભરીને જ્યારે ઉમટ્યા હતા, પરંતુ સરકારે ટેકાના ભાવ જાહેર કર્યા ન હોવાથી માર્કેટ યાર્ડના સંચાલકો માત્ર રૂ. ૨૫૦નો ભાવ જાહેર કરતા ભારે આક્રોશ ફેલાયો હતો. રાજ્ય સરકારની ખેડૂતો પરત્વેના અભિગમ સામે પણ ભારે સૂત્રોચ્ચાર થયો હતો અને બપોરે એક વાગ્યે વીલામોંએ ખેડૂતો ટ્રેક્ટરો લઈને પાછા ફર્યા હતા...
(તસવીર : સમીર બલોચ, અહેવાલ : જય અમીન, મોડાસા)

# આજે જિલ્લા પંચાયતની વિવિધ સમિતિના ચેરમેનો નિમાશે

## મોટાભાગની સમિતિઓના ચેરમેન યથાવત રહે એવી શક્યતાઓ વર્તાય છે, જ્યારે કારોબારી સમિતિના અધ્યક્ષપદ માટે પક્ષમાં ખેંચતાણ જોવા મળે છે છતાં પક્ષના મેન્ડેડની રાહ જોવાય છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનોની નિયુક્તી માટે સમિતિઓની બેઠકો યોજવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં ભાજપે તમામ સમિતિઓ હસ્તગત કરવાની વ્યુહરચના સફળતાપૂર્વક ખેલી અને તે હાંસલ કરી લીધી છે. હવે આજે તેના ચેરમેનોની નિયુક્તીની કામગીરી હાથ ધરવામાં આવશે.

૨૪મી ફેબ્રુઆરીના રોજ મળેલ સામાન્ય સભામાં સમિતિઓની પુનઃ રચના કરવામાં આવી હતી. હવે એક મહિના પછી તેના ચેરમેનોની નિયુક્તીની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

મળતી વિગતો મુજબ લગભગ તમામ સમિતિઓના ચેરમેનો યથાવત્ રહે તેવી શક્યતાઓ છે. કારોબારી સમિતિના ચેરમેનની નિયુક્તી અંગે ભાજપમાં જ થોડીક ખેંચતાણ જોવા મળી રહી છે. જો કે સવારે જેમના નામ આવશે તેમના નામના મેન્ડેટ આપવામાં આવશે.

આજે પંચાયતમાં આખો દિવસ આ અંગે જુદી જુદી ચર્ચાઓ થતી જોવા મળી હતી. જો કે પ્રદેશ કક્ષાએથી જ નામો મંજૂર થઈ આવવાના હોઈ રાજકીય ઉત્સુકતા સભ્યોમાં જોવા મળી રહી છે.

બપોરે બે વાગ્યા સુધીમાં છ સમિતિઓના ચેરમેનોની નિયુક્તીનું કામ સર્વાનુમતે થશે તેવો વિશ્વાસ ભાજપના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

# ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખને વિધાનસભા કોંગ્રેસ પક્ષની નોટીસ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષે આજે તેના સભ્ય ગ્યાસુદ્દીન શેખને કારણદર્શક નોટીસ આપી છે.

ગ્યાસુદ્દીન શેખે જે રીતે સરકારની કામગીરીને બિરદાવતી જાહેરાત આપી તેની ગંભીર નોંધ પ્રદેશ નેતાગીરીએ લીધી છે અને પ્રદેશ એકમની સૂચનાને પગલે આ નોટીસ આપવામાં આવી છે.

દિન-પમાં ખુલાસો કરવાનું જણાવતાં પક્ષના દંડકશ્રીએ જણાવ્યું છે કે તેમનુ આ કૃત્ય પક્ષની શિસ્ત વિરૂદ્ધ છે અને શિસ્તભંગના પગલાં કેમ ના લેવા તે માટે આ નોટીસ આપવામાં આવે છે.

તાજેતરમાં આરોગ્ય વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન જે જાહેરાતો સરકારે કરી તેને વધાવતી જાહેરાત શ્રી શેખે અખબારોમાં છપાવી છે.

વિધાનસભાનું સત્ર ચાલુ હોઈ પક્ષના સિનિયર સભ્ય દ્વારા કરાયેલ આ પ્રવૃત્તિ સામે પક્ષે ગંભીર વલણ લેતાં આજે કોંગ્રેસ પક્ષના સભ્યોમાં સન્નાટો વ્યાપેલો જોવા મળતો હતો.

# હવે, ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનું શરૂ કરાશે

ગાંધીનગર, તા.૨૩

રાજયના પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરીયાએ પશુપાલન વિભાગના અદાજપત્ર પરની ચર્ચાનો જવાબ આપતા કહ્યું કે, રાજયમાં કૃષિ સંલગ્ન સેવાઓમાં સૌથી વધુ વિકાસ દર પશુપાલનનો રહ્યો છે. ત્યારે પશુપાલન ક્ષેત્રે ગુજરાતે સમગ્ર દેશને નવો રાહ આપ્યો છે તેનું મુખ્ય કારણ રાજય સરકારનો હકારાત્મક અભિગમ રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, રાજયના તમામ પશુપાલકોને ઘરે બેઠા પશુચિકિત્સા અને પશુસેવાઓ વિનામુલ્યે ઉપલબ્ધ થાય તેવા ઉમદા હેતુસર આગામી ૫ વર્ષમાં ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનું સ્થાપવામાં આવશે. આ માટે વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૫ કરોડની જોગવાઈ કરી છે. મંત્રીએ ઉમર્યું હતું કે, દૂધ ઉત્પાદનક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં ચોથા ક્રમે રહ્યું છે. વર્ષ-૨૦૦૩-૦૪માં દૂધ ઉત્પાદન ૬૪.૨૧ મેટ્રીક ટન હતું તે આજે ૧૧૧.૧૨ લાખ સુધી પહોચ્યું છે. પશુપાલન વ્યવસાયને ગુજરાતનો ૮ ટકા હિસ્સો છે. તે રાજય સરકારની પ્રો-એક્ટિવ ભૂમિકાને આભારી છે. પશુપાલન વ્યવસાયને સમૃદ્ધ બનાવવા આ સરકારે પ્રાધાન્ય આપીને પશુ માવજત માટે સઘન આયોજન કર્યુ છે. ૧૮મી પશુધન વસ્તી ગણતરીમાં નોંધપાત્ર વધારો પણ થયો છે.

રવિ કૃષિમહોત્વ દરમિયાન ૧૭૮ પશુ વ્યંધત્વ નિદાન-સારવાર કેમ્પ યોજાયા હતા. જેમાં ૧.૧૯ લાખ પશુ સારવાર ૪૮૧૪૪ પશુઓને રસીકરણ, ૧૩૫૫ પશુઓને કુત્રિમ બીજદાન કરાયું હતું. મંત્રીએ ઉમેર્યુ હતું કે, રાજયમાં મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદન સરકારી મંડળીઓને દૂધ ઘર બાંધકામ માટે ૨૫ કરોડ તથા ઓટોમેટી ક્લિક કલેકશન સિસ્ટમ તથા બલ્ક મીલ્ક કુવક માટે ૮.૪૩ કરોડની સહાય પણ ચૂકવવામાં આવે છે. મહિલા સભાસદોને મીલ્કીંગ મશીન, ચાફ કટરની ખરીદી પર સહાય તથા પશુ વીમા પ્રમિયમ માટે આ વર્ષ ૭.૧૩ કરોડની ફાળવણી કરી છે.

Hydraid BioSand Water Filter

"શુધ્ધ જળ એજ તંદુરસ્ત જીવન"

Shuddh Jal

WHO, USAID, CDC દ્વારા ભલામણ કરેલ Hydraid® BioSand વોટર ફિલ્ટર

Hydraid® BioSand વોટર ફિલ્ટર ના ટેકનીકલ લક્ષણો
- ઈલેક્ટ્રી સીટી, બેટરી કે મુવેબલ પાર્ટસ વગર કાર્યરત.
- ઉંચાઈ : ૩૦.૫" - પોહળાઈ : ૧૬.૫"
- વજન : ૩.૬ કે.જી. (ખાલી), ૬૩.૫૦ કે.જી. (ભરેલ)
- એફડીએ દ્વારા પ્રમાણિત યુ.વી. અવરોધક પ્લાસ્ટીક બોડી
- પ્રતિ કલાકે ૪૦ લીટર પાણી (સમયાંતરે) શુધ્ધ કરે.
- ઘર ઉપયોગી, "પોઈન્ટ - ઓફ - યુઝ" (પી.ઓ.યુ.)
- તેનો વપરાશ ૧૦ વર્ષ થી પણ વધુ કરી શકો છો.
- ૮ થી ૧૦ વ્યક્તિના કુટુંબ માટે જરૂરિયાત પુરી કરનાર.
- એક વર્ષની મર્યાદીત વોરંટી, ટોપ રેન્કેડ ટેકનોલોજી
- કાર્યરત કરવાનો સમય : ૨૦ મીનીટ, પાવર સોર્સ : ગ્રેવીટી

૧૦૦ % કુદરતી શુધ્ધીકરણ પધ્ધતિ.

ફાયદાઓ :-
- શુધ્ધ પાણી મેળવવા માટે બિનજરૂરી ખર્ચ થતો નથી.
- શુધ્ધ પાણીથી ચામડી અને પેશાબના રોગોમાં ઘટાડો થાય છે.
- શુધ્ધ પાણીથી આરોગ્ય સામે રક્ષણ મળવાથી શરીર તંદુરસ્ત બને છે.
- જાળવણી તમે જાતે જ કરી શકો છો.
- પાણીમાં રહેલ (મીનરલ) પોષક તત્વો જાળવી રાખે છે.
- આર.ઓ. સીસ્ટમ કરતાં પાણીનો ૬૦ થી ૭૦ ટકા બચાવ કરે છે.
- કાર્બનફુટ પ્રીન્ટ અને પ્લાસ્ટીક પ્રદુષણ ઓછુ કરે છે.

સીલીકોનયુક્ત મીનરલ જળ ના ફાયદાઓ:
- વજન ઘટાડે છે. • હાડકાની મજબુતાઈ વધારે છે.
- બ્લડપ્રેશરને ઘટાડે છે. • એલડીએલ કોલેસ્ટ્રોલ ઘટાડે છે.
- પાચનશક્તિ સુધારે છે. • સ્નાયુઓની કાર્યક્ષમતા જાળવી રાખે છે.
- કીડનીની પથરીની સંભાવના ઘટાડે છે.

MADHAV MICROTECH PVT. LTD.
"Bringing Technology & People together"

TRIPLE QUEST
a partnership of cascade engineering and the windquest group

સંપર્ક : પ્રત્યક્ષ નિદર્શન / બુકીંગ / ડીલરશીપ માટે સંપર્ક

પ્લાન્ટ :- પ્લોટ નં.એ/૬૪, કલ્પવૃક્ષ ટ્રેનિંગ સેન્ટરના ખાંચામાં, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધી નગર- ૩૮૨૦૧૬ ગુજરાત (ઈન્ડિયા)
સેલ્સ પુછપરછ : ☎ +91 94260 60458 / 9426828782
E-mail : md@madhavmicrotech.com • Website : www.madhavmicrotech.in

ચાલો ભાંખર... ચાલો ભાંખર...

ભાંખરમાં શ્રી આગિયાવીર વૈતાલનો ભવ્ય મેળો

ઊંઝા નજીકના ભાંખર ગામે સુપ્રસિદ્ધ શ્રી આગિયાવીર વૈતાલ અને શ્રી હરસિદ્ધ માતાજીના મંદિરે પરંપરાગત રીતે ચૈત્ર-સુદ-૭ને ગુરૂવાર તા. ૨૬-૩-૨૦૧૫ના રોજ ભવ્ય લોકમેળો યોજાશે. આ દિવસે સાંજે ૬:૩૦ કલાકે રથનું પ્રસ્થાન થશે અને રાત્રે ૧૦:૩૦ કલાકે માંડવી નીકળશે. તો સર્વે ધર્મપ્રેમી જનતાને પધારી દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

લી. ભાંખર ગામ સમસ્ત